# આઇઆઇટી-જીએનમાં યોજાશે 'અમેલ્થિયા'

**અમદાવાદ : ૧૯ ઓક્ટોબર ૨૦૧૫**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-ગાંધીનગર ખાતે 'અમેલ્થિયા-૧૫' ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૪-૨૫ ઓક્ટોબર દરમિયાન યોજાનાર આ ટેકનિકલ સમિટની થીમ 'Towards the Future' રાખવામાં આવી છે. ઈવેન્ટ દરમિયાન અલગ અલગ ટેકનોલોજી સાથે જોડાયેલા એક્સપર્ટની સ્પીચની સાથે એક્ઝિબિશનનું પણ આયોજન કરવામાં આવે છે. સાથે જ પહેલીવાર બાયો-એન્જિનિયરિંગ પર એક સિમ્પોઝીમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ઈવેન્ટ દરમિયાન સ્પેસ એક્સપ્લોરર એન્ડ ક્લિન સ્પેસ ન્યૂ ટેકનોલોજી સાથે જોડાયેલા સૌરભ કૌશલ, ડીઆઈડીઓના સેન્ટર ફોર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ એન્ડ રોબસટિકના ડાયરેક્ટર ડો. સંજય બર્મન, અર્થ ક્વેક એન્જિનિયર અને આઈઆઈટી ખડગપુરના પ્રોફેસર ડો. દુર્ગેશ વગેરે એક્સપર્ટ પોતાના રિસર્ચ વિશે વાત કરશે. આ ઉપરાંત અલગ અલગ ફન કોમ્પિટિશનનું પણ આયોજન કરવામાં પણ આવશે.




